# સરગાસણમાં પાણી શુધ્ધિકરણ માટે ૫૦ એમએલડીનો નવો પ્લાન્ટ તૈયાર કરાશે

## શહેરના ઉદ્યાનો તેમજ જી ઇ બી થર્મલ પાવર સ્ટેશનને પાણી સપ્લાય કરાશે

ગાંધીનગર તા ૮

શહેરમાં દુષિત પાણીને શુધ્ધ કરીને નગરના ઉદ્યાનોને સપ્લાય કરવા માટે સરગાસણ ખાતે શુદ્ધિકરણ પ્લાન્ટ બનાવવા માટે આયોજન કરાયુ છે. અગાઉ આ યોજના અન્વયે ૧૦ એમ એલ ડીનો પ્લાન્ટ તૈયાર કરાયો હતો. જયારે નગરના સેકટરોના ઉદ્યાનો તેમજ જી ઇ બી થર્મલ પાવર સ્ટેશનને પાણી સપ્લાય કરવા માટે નવો ૫૦ એમ એલ ડીનો પ્લાન્ટ તૈયાર કરવા માટે પણ પ્રક્રીયા હાથ ધરાઇ છે. અલબત્ત આ કાર્યયોજના અન્વયે અગાઉ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ માત્ર એક જ એજન્સીનુ ટેન્ડર આવતા આખરે હવે આ અન્વયે ટુંકમાં નવેસરથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે.

શહેરમાં આકરી ગરમીના દિવસોમાં પાણીની જરૂરિયાત આમ પણ વધી જાય છે. સેકટરોમાં અપાતા સપ્લાયમાં પણ નોંધપાત્ર વધારો કરી દેવામાં આવે છે. આ ઉપરાંત શહેરના સેકટરોમાં સપ્લાય થતા પાણી ઉપરાંત અસહ્ય ગરમીમાં નગરની હરિયાળીને નિખારવા માટે પણ પાણીની વિશેષ જરૂરિયાત ઉભી થાય છે. ત્યારે શહેરના ઉદ્યાનોની હરિયાળી બરકરાર રાખવા માટે પણ પુરતુ પાણી મળી રહે તે માટે તંત્ર દ્વારા નવતર આયોજન કરાયુ છે. જો કે સેકટરોમાં સપ્લાય થતા પાણીને ઉદ્યાનમાં સપ્લાય કરવાનુ સરકાર માટે વધુ ખર્ચાળ સાબિત થાય તેમ હોવાથી આ મામલે નગરના દુષિત પાણીનો શુધ્ધ કરવા માટે શુધ્ધિકરણ પ્લાન્ટની નવી યોજના તૈયાર કરવામાં આવી છે. જેને અનુલક્ષીને અગાઉ સરગાસણ ખાતે પાણી શુદ્ધિકરણનો નવો

● અનુસંધાન પાન-૭ પર



ડાયરાની રમઝટ - ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજત જયંતિ વર્ષની ઉજવણીના પ્રારંભે ગ્રીષ્મોત્સવના ચોથા દિવસે ડાયરાના રાજા કીર્તીદાન ગઢવીએ રમઝટ બોલાવી હતી. વિવિધ રસ ધરાવતા લોકગીતો ઉપરાંત જુના હિન્દી ફિલ્મી ગીતોને આવરી લઈ શ્રોતાઓને મંગમુગ્ધ કરી દીધા હતા... સાથે સાથે જીવને શીવ સાથે જોડાઈ જવા શીવતાંડવ, નગરમે જોગી આયા ઉપરાંત શીવભક્તિના ગીતોની પ્રસ્તુતિની સાથે સાથે શ્રોતાઓને હાથ ઉંચા કરાવી શીવની સાથેના સાનિધ્યની અનુભૂતિ કરાવી હતી....

# આજે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ

## જિલ્લાના ૬૪૮૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : સવારે ૯ કલાકે પરિણામ જાહેર થશે : વિદ્યાર્થીઓ અને વાલીઓની ઇન્તેજારીનો અંત

ગાંધીનગર તા ૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૯માં લેવાયેલી બાર્ડની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૬૮૪૦ જેટલા વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. બાર્ડ દ્વારા આજે સવારે ૯ કલાકે વેબસાઈટ પર પરિણામ જાહેર કરાશે. પરિણામલક્ષી જાહેરાતના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯ માં લેવાયેલી ધો ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થશે. બાર્ડની વેબસાઈટ પરથી સવારે ૯ કલાકે પરિણામ જાહેર કરાશે. શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની પરીક્ષા દરવર્ષ કરતા આ વર્ષે વહેલી લેવામાં આવી હતી. જયારે પરિણામ પણ વહેલુ જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે. બાર્ડ પરીક્ષાના અંતે વિદ્યાર્થીઓએ વેકેશનની મજા માંણી લીધા બાદ હવે સમગ્ર વર્ષની મહેનતનુ પરિણામ જાહેર થવાનુ છે જેને અનુલક્ષીને વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્તજેના પ્રબળ બની છે. જયારે પરિણામ જાહેર થવાનુ હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો પણ અંત આવી ગયો છે. આ વર્ષે મોટાભાગના પ્રશ્નપત્રો પણ સરળ નિકળ્યા હોવાથી વિદ્યાર્થીઓમાં પરીક્ષાના અંતે પણ હાંશકારો

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામના નાંદોલ ગામે ફૂડ પોઈઝનીંગની ૧૫૦થી વધુને અસર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નાંદોલ ગામે ગઈકાલે રાત્રે બે સ્થાનો પર ભોજન સમારંભ પૂર્ણ થયા બાદ છાશ પીધા પછી ૧૫૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનીંગ થતાં આજે જિલ્લાનું આરોગ્યતંત્ર દોડતુ થઈ ગયુ હતુ.

આરોગ્યતંત્ર ૬૦ જેટલા જ કેસ હોવાની વાતો કહી રહેલ છે પણ નાંદોલ અને દહેગામના તબીબી જગતમાંથી પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે આ આંકડો મોટો છે.

અખાત્રીજનો દિવસ હોવાથી નાંદોલ ગામે યોજાયેલ ભોજન સમારંભને અંતે પીરસાયેલી છાશથી ૧૫૦થી વધુ વ્યક્તીઓને ફૂડ પોઈઝનીંગની અસર થઈ છે. તંત્રની ટીમો આજે સવારે નાંદોલ પહોંચી હતી અને ભોજન સમારંભના સ્થળોએથી ખાદ્યચીજોના નમૂના લઈ તેને ચકાસણી માટે મોકલી આપેલ છે.

ઝાડા-ઉલ્ટી, પેટમાં ચૂંક આવવી જેવી ફરિયાદો સાથે ગામમાં ખાનગી દવાખાના તેમજ સરકારી દવાખાનાઓમાં લાઈન લાગી જવા પામી હતી. દર્દીઓ સારવાર માટે દહેગામ પણ દોડી આવ્યા હતા.

તંત્રની ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે એટલુ જ નહિ ઓ.આર.એસ.ના પેક્ટ્સનું પણ વિતરણ કરવામાં આવ્યુ છે. બે સ્થાનો પર લગ્નપ્રસંગે યોજાયેલા ભોજન સમારંભ બાદ બનેલી આ ઘટનાને પગલે

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં પ્રિ-મોનસૂન એક્ટિવિટી શરૂ

## ૧૦-૧૨ મે ત્રણ દિવસ દરમિયાન વીજળીના ચમકારા અને ભારે પવન સાથે વાવાઝોડાની હવામાન વિભાગની આગાહી

ગાંધીનગર, તા.૮

રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે ફરી એક વખત ગરમીનો પારો નીંચો જવાની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં પ્રિ-મોનસૂન એક્ટિવિટીની શરૂઆત થઈ ગઈ છે અને તેના પગલે આગામી ૧૦-૧૨ મે દરમિયાન થન્ડર સ્ટોર્મની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આ દવિસો દરમિયાન રાજ્યમાં વીજળીના ચમકારા અને ભારે પવન સાથે વરસાદ વરસશે. આ દિવસો દરમિયાન પવનની ગતિ ૩૦થી ૪૦ કિલોમિટર પ્રતિ કલાકની રહેશે. વીજળીના ચમકારા સાથે ૧૦ તારખી રાજ્યાના બનાસકાંઠા, રાજકોટ અને કચ્છમાં વાતાવરણમાં પલટો થવાની આગાહી છે. ૧૧મી તારીખે બનાસકાંઠા, પાટણ, રાજકોટ અને અમરેલી માટે આગાહી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર


**શ્રદ્ધાંજલી**



**કલ્પનાબેન પટેલ**

અવસાન તા. ૭-૫-૨૦૧૯

છેલ્લાં ૨૦ વર્ષથી શિક્ષક, વિદ્યાર્થીઓના પ્રિય

બેસણું : તા. ૧૦-૫-૨૦૧૯, શુક્રવાર; સવારે ૮.૦૦થી ૧૧.૦૦

સ્થળ : ૫૭૨/૧/એ, માંગલિક ફ્લેટ, કેન્દ્રીય વિદ્યાલય પાસે, સૅક્ટર-૩૦, ગાંધીનગર

**શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા પરિવાર**
સેક્ટર-૨૯, ગાંધીનગર

શાળામાં સદાય હસતી-રમતી અને કૂદતી-બોલતી



**હાઈ કેર ફાર્મસી**

નવા સ્વરૂપે નવી જગ્યાએ...

૧૨૮૨, નિરામય મેડીકલ હબ, ઘ-૩ પાસે, સેક્ટર-૬

ફોન- ૭૫૬૭૫૮૦૯૮૨

ઉદ્‌ઘાટન નિમિત્તે ૧૦૦૦ રૂપિયા કરતાં વધુની ખરીદી પર આકર્ષક ગિફ્ટ આપવામાં આવશે.

સમય- સોમવાર થી શનિવાર : સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦
રવિવાર : સવારે૮.૦૦ થી બપોરે૧૨.૦૦

**ડો. કિરીટ એસ પટેલ : MBBS**

ક્લિનિક-૧ પ્લોટનં. ૧૨૮૨, નિરામયમેડીકલહબ, શોપ નંબર-૧, ગ્રાઉન્ડ ફ્લોર, ઘ-૩ HP પેટ્રોલ પંપ પાસે, સેક્ટર-૬
સમય : સવારે ૮.૦૦ થી ૯.૩૦, સાંજે ૪.૦૦ થી ૬.૦૦
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક - ૭૫૬૭૫૮૦૯૮૨


ક્લિનિક-૨ સેક્ટર-૨૭માં પણ ચાલુ છે
સમય સવારે૧૦.૦૦ થી૧.૦૦, સાંજે૬.૩૦ થી૮.૩૦

**RUDEV SUPER SPECIALITY**
(ઉપરના સરનામે...)

**ઉપલબ્ધ સેવાઓ-** ડાયાબીટોલોજીસ્ટ, યુરોલોજીસ્ટ(સર્જન), નેફ્રોલોજીસ્ટ, ગેસ્ટ્રોલોજીસ્ટ- ગેસ્ટ્રોસર્જન, ડાયેટીશિયન, વજન નિયંત્રણ, ચેપી રોગોના નિષ્ણાંત.

(અગાઉથી એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી સંપર્ક : ૭૫૬૭૫૮૦૯૮૨)







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com